सत्यमेव जयते

# જામનગરનાં સેશન્સ જજ સાહેબશ્રીની અદાલત સમક્ષ.

ફોજદારી પરચુરણ અરજી નં.૬૫૦/૨૦૨૬.

**આંક–૧ નીચે હુકમ** ::–

**૧.** અરજદાર તરફે હાલની અરજી તથા તે અનુસંધાને રજુઆતમા તેઓએ કોર્ટ મા ડિપોઝીટ કરાવેલ રૂા.૩,૦૦,૦૦૦/– પરત કરવા માગણી કરેલી છે.

**૨.** અરજદારની મુખ્યત્વે રજુઆત મુજબ તેઓને ગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ નાં ગુન્હામા ફોજદારી કેસ નં.૩૦૫૭/૨૦૨૩ નાં કામે થયેલી સજા અને દંડનાં હુકમ સામે તેઓએ આ કોર્ટમા ફોજદારી અપીલ નં.૬૭/૨૦૨૪ દાખલ કરેલી હતી, જેમા તેમણે ૨૦% રકમ રૂા.૩,૦૦,૦૦૦/– કોર્ટમા ડિપોઝીટ કરાવેલી છે. સદર અપીલનાં તા.૩૧/૧૨/૨૦૨૫ નાં રોજ આપવામા આવેલા ચુકાદાનાં આખરી હુકમ નાં પારા–૫ મુજબ તેઓને સદર રકમ પરત કરવા માટે હુકમ કરવામા આવેલો છે. તેથી, તેઓને આ રકમ પરત મળવા માટે અરજ કરેલી છે.

**૩.** અરજદારની હાલની અરજીની નોટીસ સામાવાળાઓને કરવામા આવતા સામાવાળા તરફે તેમનાં વિ.વ.શ્રી હાજર થયેલા છે, બંને પક્ષકારોને સાંભળેલા છે.

**૪.** ઉલ્લેખીનીય છે કે, ફોજદારી અપીલ નં.૬૭/૨૦૨૪ નાં ચુકાદાની હકીકત ધ્યાને લેતા અરજદારે જમા કરાવેલી રકમ તેઓને પરત મળવા માટે હુકમ કરવામા આવેલો છે. સામાવાળા તરફે વાંધો લેવામા આવેલ છે. અરજદારે સદર અપીલનાં હુકમ સામે નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ફોજદારી રીવીઝન અરજી નં.૩૧૭/૨૦૨૬ થી દાખલ કરેલી છે, જેની નકલ આ કામે રજુ રાખેલી છે. સદર રીવીઝન અરજીનાં કામે નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી અરજદાર માગણી કરે છે તે રકમ પરત નહીં મળવા અંગે

કોઈ સ્ટે આપવામા આવેલો નથી. આવા સંજોગોમા અરજદારે ફોજદારી અપીલ નં.૬૭/૨૦૨૪ નાં કામે પહોંચ નં.સી–૨૧૧ થી તા.૨૨/૧/૨૫ નાં રોજ જમા કરાવેલી રકમ તેઓને મળવા પાત્ર છે. તેથી, ન્યાયનાં હીત મા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

–:: **હુકમ** ::–

**૧.** ફોજદારી અપીલ નં.૬૭/૨૦૨૪ નાં કામે પહોંચ નં.સી–૨૧૧ થી તા.૨૨/૧/૨૦૨૫ નાં રોજ અરજદાર સુનિલ સવજીભાઇ સંઘાણીએ જમા કરાવેલી રકમ રૂા.૩,૦૦,૦૦૦/– તેઓને પરત આપવા નાઝીરશ્રી, સેશન્સ કોર્ટ, જામનગરને હુકમ કરવામા આવે છે.

**૨.** નામદાર ગુજરાત હાઇકોર્ટનાં હુકમ મુજબ રકમ આપવાનો હુકમ થાય તો, તે મુજબ તેઓ રકમ ચુકવી આપશે તેવી સોગંદ ઉપર લેખીત બાહેંધરી અરજદારે આપવાની રહેશે.

**૩.** હુકમની યાદી નાઝીરશ્રી, સેશન્સ કોર્ટ, જામનગરને કરવી.

આ હુકમ આજરોજ તા.૩૦મી જુન, ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

જામનગર.
તા.૩૦/૬/૨૦૨૬.
વી.વી. જોટાણીયા.

Digitally signed by
NEHAL RAJESHBHAI JOSHI
on 30/06/2026 16:33:26 IST.

(**નેહલકુમાર રાજેશભાઇ જોષી**)
સેશન્સ જજ
કોડ નં.જીજે ૦૧૩૧૮, જામનગર